સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

હવે અફઘાનમાં કોમી 'યાદવાસ્થળી' જામી છે,
ધર્મ-પંફ-સંપ્રદાય વચ્ચે સત્તાની આ ખાણી છે,
હામી છે સત્તા લાલસા આતંકી બૂરખા પાછળ -
આ દયાહીન પ્રજા કુદરતનો માર પામી છે.

હાઈકુ

કચડાય છે
આતંકી પગ નીચે
કાબૂલીવાલા
(ભલી-લાગણીશીલ પ્રજા-)
(પઠાણો મુશ્કેલીમાં)

આવી, આતંકી
વિચારશ્રેણી પર
મૂકી ધો બાન
(દૂર રહી તાલી ન પાડો)

ચિંતન

આશાનામ મનુષ્યાણાં કાચિદ્ આ પર્ય શૃંખલા ।
યથા વૃદ્ધાઃ પ્રધાવન્તિ, મુક્તાઃ તિષ્ઠન્તિ પંગુવત્ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્યોમાં 'આશા' નામની એક અદ્‌ભૂત સાંકળ-બંધન છે જેનાથી માનવી બંધાયેલો રહે છે અને સમાજમાં સંસ્કારમાં સતત દોડતો રહે છે. પણ જે આશાથી મુક્ત થઈ ચૂક્યા છે તે જ પંગુની જેમ સ્થિર થઈ ઊભા રહી ગયા છે.

મનોચિત્સિક વિકટર ફ્રેન્કલીએ જે 'લોગ થેરાપી' આપી છે. તે મુજબ મનુષ્ય ને જીવવા માટે કોઈ ઉદ્દેશ્ય - કારણ બહાનુનં હોવું જરૂરી અને અતિ આવશ્યક છે. અનિવાર્ય અને એવું તત્ત્વ 'આશા' છે.

સુનામી અને ધરતીકંપના વિનાશ પછી માણસના કુટુમ્બીઓ ચાલ્યા જાય, મકાન પડી જાય, ઉપર આભ અને નીચે ધરતી જેવી સ્થિતિ વચ્ચે પણ માનવીની જિજીવિષા અને જીવતો રાખે છે. ૨૦૦૧ના કચ્છના ભૂકંપ બાદ રસ્તા પર આવી જનારા આજે વીસ વર્ષે બે-ત્રણ મકાનના માલિક બની ગયા છે. એ 'આશા'નું પરિણામ છે.

સુવિચાર

- નહીં બદલ સકતે હમ ખુદકો ઔરોં કે હિસાબ સે... એક લિબાસ મુઝે ભી દિયા હૈ, ખુદા ને અપને હિસાબ સે... - **અમિત ભટ્ટાચાર્ય**
- સમજાતું નથી કે સમર્પણની ભાવના ઊંચી કે અર્પણની અપેક્ષા - **જીવન પાથેય**
- કૂતરા જેવો કૂતરો પણ આખરે કોકની આજ્ઞા તો માનતો જ હોય છે. આપણે દેવ-ગુરુની આજ્ઞા તો માનીએ એ જ એવું નક્કી ખરું - **બોધિવૃક્ષ**
- હરામના હીરા મળતા હોય, તોય એને હાથ અડાડવો નહિ અને પરસેવાથી પૂણી મળતી હોય, તોય એમાં સંતોષ માણવો - **ફાધર વાલેસ**
- દરેક કાર્યને માટે સમય હોય છે, અને દરેક સમયને માટે કાર્ય હોય છે - **બાઈબલ**
- કેવી રીતે વાત કરવી એના કોઈ કલાસ નથી હોતા, પણ તમે જે રીતે વાત કરો છો એના પરથી તમારો કલાસ નક્કી થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : એલોવીરા જેલની સાથે હળદર પાઉડરને બરાબર મિક્સ કરી હરસ પર દસેક દિવસ સુધી લગાડવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અફઘાનિસ્તાનમાં એક મજબૂત બાંધાના બહાદુર સુલતાને ભારતના એક નાના રાજાને જીતી લેવા ભારતના રાજાને છૂપા વેશે મળવા આવ્યો. રાજાના રાજયમાં પ્રવેશી સુલતાને જોયું કે ઉત્તમ ઘઉંનો પાક તૈયાર થઈ રહ્યો હતો. પઠાણનો વેશ ધારણ કરીને તે સુલતાને રાજાને કહ્યું, 'આપના રાજયમાં ઉત્તમ ઘઉં પાક્યા છે. મારે અફઘાનિસ્તાનમાં ઘઉંનો વેપાર કરવા માટે ઘઉં ખરીદવા છે. આપ નમૂનો બતાવો તો ભાવતાલ નક્કી થઈ શકે.' આમ કહીને રાજાના હાથમાં ઘઉંના નમૂના માટે એક રુપિયો આપ્યો. રાજાએ સેવકને ઘઉંનો નમૂનો લાવવા કહ્યું. સુલતાને મુઠ્ઠીભરીને ઘઉં સુંઘ્યા પછી પોતાની હથેળીમાં મુક્યા અને બીજા હાથે જોરથી દબાવીને તે ઘઉં મસળી મસળીને ભૂક્કો કરી નાખ્યા. સૌ દરબારીઓ આ દૃશ્ય જોઈને અચંબામાં પડી ગયા. પણ વિચક્ષણ રાજા સમજી ગયા કે આ પઠાણ ઘઉં ખરીદવા નહીં શક્તિ કલ્પના બહારની હતી. સામે રાજા પણ ચતૂર અને ક્ષત્રિય હતા. તેમણે પઠાણે આપેલો ચાંદીનો રુપિયો બે અંગુઠાનો ઉપયોગ કરી વાળી નાખ્યો. રાજાની હરકત જોઈ પઠાણની આંખો પહોલી થઈ ગઈ. વાંકો વળેલો રુપિયો પઠાણના હાથમાં મૂકતા રાજા બોલ્યા, 'પઠાણ, આવા કમજોર રુપિયાથી આવા જ ઘઉં મળશે, ઉમદા ઘઉં માટે મજબૂત રૂપિયો આપવો પડશે.' પઠાણને ખાતરી થઈ ગઈ કે રાજા બુદ્ધિશાળી અને શક્તિશાળી છે. તેણે રાજાને સાચી હકીકત જણાવી તેની સાથે મિત્રતા કરી લીધી.

અમેરિકાએ અફઘાનિસ્તાન છોડ્યું

તંત્રીસ્થાનેથી...

આખરે પોતે નક્કી કરેલી ડેડલાઈન પહેલાં જ અમેરિકાએ એના છેલ્લા સૈનિકને પરત બોલાવી લઈ 'મિશન'ની પૂર્ણાહૂતિ કરી દીધી છે. દુનિયા આખી એક લાચાર પ્રજાને ક્રૂર તાલિબાનીઓના સકંજામાં સોંપી પીછેહઠ કરનાર અમેરિકા પર ફિટકાર વરસાવી રહી છે.'નાઈન ઈલેવન' નામે ઓળખાતા ઐતિહાસિક હુમલાનો બદલો લેવા અમેરિકાએ અફઘાનિસ્તાનમાં ૨૦૦૧ની સાલમાં આખી ફોજ ઉતારી દીધી હતી અને ઓસામા બિન લાદેનના આશ્રયદાતા જેવા તાલિબાન શાસકોને પદભ્રષ્ટ કરી લોકતાંત્રિક વ્યવસ્થા સ્થાપી હતી જે અમેરિકાના ઈશારે પૂરાં વીસ વરસ સુધી અમલમાં રહી. આખરે અમેરિકામાં જ એના સૈનિકોની ખુમારીનો અને અઢળક નાણાં વેડફી પારકા દેશમાં મોટા ભા થવાની વૃત્તિ વિરુદ્ધ લોકમત સરજાતાં એ મુદ્દો રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીનો પણ મહત્ત્વનો ભાગ બની ગયો હતો. પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીના સમયગાળામાં થયેલ નિર્ણય ઊલટાવી જુવાનજોધ સૈનિકોને તાલિબાન આતંકવાદીઓના હાથે મરતા બચાવવા અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સૈન્ય પરત બોલાવી લેવાનો નિર્ણય લીધો હતો અને એ માટે એક ડેડલાઈન નક્કી કરી હતી. અમેરિકા તથા એની સાથે અફઘાનિસ્તાનમાં સ્થાનિક સેના તથા શાસનને મદદરુપ થનાર 'નાટો' રાષ્ટ્રપ્રમુહના દેશોએ એવું માની લીધેલું કે બે દાયકા જેટલા લંબા સમય સુધી અફઘાન સેના પૂરતી સક્ષમ થઈ ગઈ હતી, જે તાલિબાનનો સામનો પોતાની રીતે કરી શકશે. પરંતુ એની એ માન્યતા સદંતર ખોટી ઠરી અને જેવી અમેરિકન સેના બિસ્તરા બાંધવા માંડી કે તાબડતોબ તાલિબાનોએ એમનાં છૂપાં સ્થળોએથી બહાર આવી એક પછી એક પ્રદેશ કબજે કરવા માંડ્યો. ત્યાં સુધી કે અમેરિકાની ધારણાં કરતાં ઘણો વહેલો એણે કાબુલમાં પણ કબજો કરી દીધો. તાલિબાનની એવી તો ધાક હતી કે અગાઉ રશિયા પ્રેરિત શાસનના રાષ્ટ્રપ્રમુખ નજીબુલ્લાની જેમ એ અફઘાન રાષ્ટ્રપ્રમુખ અશરફ ગનીને પણ જાહેરમાં લટકાવી દેશે એવી દહેશતથી રાષ્ટ્રપ્રમુખને ચુપચાપ દેશ છોડી અબુધાબીમાં આશ્રય લેવામાં સલામતી માની. પરિણામ એ આવ્યું કે અફઘાનિસ્તાનમાં છેલ્લા વીસ વરસથી અમેરિકન સૈનિકોના બાતમીદાર, અનુવાદક કે સમર્થક રહેલા લાખો અફઘાન નાગરિકોને જીવનું જોખમ લાગતાં કાબુલ એરપોર્ટ પર કીડિયારાં સરજાયાં. પાકિસ્તાન, ચીન અને રશિયા સિવાયના મોટા ભાગના દેશોએ એમના દૂતાવાસ પણ બંધ કરી દીધા છે. શાણા વાણિયાની જેમ અફઘાનિસ્તાનમાં મોટાં રોકાણો કરનાર ભારતે પણ પોતાની દુકાન બંધ કરી દઈ ચુપચાપ બધા લોકોને દેશમાં લાવી દીધા છે. હવે જયારે કાબુલ એરપોર્ટનો હવાલો તાલિબાન હસ્તક આવી ગયો છે ત્યારે એની સાથે કેટલા દેશો ઉકૃયન વ્યવહાર રાખશે તે પ્રશ્ન છે. તાલિબાનને સ્થાનિક કક્ષાએ ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સિરિયા (આઈસિસ)નો મોટો પડકાર છે જે કાબુલ એરપોર્ટ પર કયારેય ઘાતકી હુમલા પછી એનું અમેરિકાએ વેર વાળ્યું એથી શમી જવાનો નથી. પંજશીરના બળવાખોરો સામે તાલિબાન આતંકી લોહિયાળ જંગ ખેલી રહ્યા છે. હવે એમની પાસે અમેરિકાની સેનાએ રેઢો મૂકેલો અદ્યતન હથિયારોનો જખીરો છે અને પાક પ્રેરિત આતંકી જૂથોનો હૂંફાળો સહકાર છે. ચિંતા હોય તો આર્થિક બહિષ્કારની અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ માન્યતા નહીં મળવા બાબતની છે. ચીન અને પાકિસ્તાનના ખોળે બેસીને તાલિબાન એની પરંપરાગત ઘાતકી પદ્ધતિથી અફઘાન પ્રજા પર રાજ કરશે. દેખાવ સુધરી ગયા હોવાનો કરશે પણ અમલ તો ઈસ્લામિક કાયદાનો જ કરશે. પોતાને ઈસ્લામિક અમીરાત તરીકે ઓળખાવનાર તાલિબાનને લોકશાહી જેવી ચીજ ખપતી નથી. એ શક્ય હશે ત્યાં સુધી માન્યતા મેળવવા ડાહ્યું ડમરું બની રહેવાનો ડોળ જરૂર કરતું રહેશે પણ એની પ્રજા પર તો સિતમનો કોરડો વીંઝાતો જ રહેશે. સવિશેષ સ્ત્રીઓ અને શિયા મુસલમાનો પર એની કરડાકી ભરી નજર રહેશે. કાશ્મીરને એ ભલે ભારત-પાકિસ્તાનનો અંગત મામલો ગણતા હોય પણ પાકિસ્તાનને લાડકા ભાઈનો દરજ્જો આપનાર તાલિબાનીઓના સમર્થનથી પાક પ્રેરિત આતંકી જૂથો વધુ બળૂકાં બની હુમલા કરવા પ્રેરાશે તે નક્કી છે.

લોકોના પગલાં સિનેમાગૃહ તરફ વળશે કે કેમ?

મન-રંજન
ધ્વનિલ પારેખ

કોરોનાકાળમાં સિનેમાગૃહો અને નાટ્યગૃહો બંધ થયાં તે થયાં. હવે, કેટલાક સિનેમાગૃહોના દ્વાર ખુલ્યા છે ત્યારે ફરી આશા જાગે કે ટિકિટબારીઓ છલકાતી જોવા મળે. પરંતુ આ પ્રકારની આશા સાથે કોરોનાની ભીતિ તો છવાયેલી જ રહે છે. સંપૂર્ણ કોરોનાનો ખાતમો ન થા ત્યાં સુધી તમામ પ્રકારની સાવચેતી જરૂરી છે. મનોરંજનની દુનિયાને કારણે ઘણું નુકશાન થયું છે, એ હકીકતનો સ્વીકાર કર્યા પછી પણ કોરોનાને હજી ગંભીરથાથી લેવાની જરૂર છે. કેરળ અને મહારાષ્ટ્રમાં રોજ કેસોની સંખ્યા વધી રહી છે અને ઉત્સવોની મોસમ વચ્ચે કોરોના ફાવી ન જાય એની તકેદારી પ્રજા તરીકે આપણે જ રાખવી રહી!

મૂળ વાત સિનેમાગૃહોનાં દ્વાર ખુલ્યાં એની હતી. અક્ષયકુમાર અભિનિત 'બેલબોટમ' અને અમિતાભ બચ્ચન અભિનિત 'ચહેરે' આ બંને ફિલ્મો અત્યારે સિનેમાગૃહોમાં ચાલી રહી છે. આ બંને સફળ અભિનેતાઓ છે અને દર્શકોને ટિકિટબારી સુધી ખેંચવામાં આજ સુધી સફળ પણ રહ્યા છે. છતાં કોરોનાનો ભય લોકોને એવો સતાવે છે, કે હજી સિનેમાગૃહોમાં જતા લોકો ડરે છે, એક મુદ્દો એ પણ વિચારવો રહ્યો કે લોકો ખરેખર સિનેમાગૃહોમાં કોરોનાને કારણે જતા ડરે છે કે,પછી ઓપન પ્લેટફોર્મની આદત પડી ગઈ છે, અક્ષયકુમાર, અમિતાબ ભચ્ચન, સલમાન ખાન, નસીરુદ્દીન શાહ, મનોજ વાજપેયી, નવાઝુદ્દીન સિદ્દીકી કે અન્ય નાના મોટા અભિનેતા - અભિનેત્રીઓની એક કે એકથી વધુ ફિલ્મો ઓપન પ્લેટફોર્મ પર આવી ચૂકી હોય અને દર્શકોએ ઘરભેઠા મનોરંજન માણ્યું હોય ત્યારે એ હવે સિનેમાગૃહમાં જવા પસંદ કરશે કે કેમ?

હમણાં સિનેમાગૃહમાં રજૂ થયેલી બંને ફિલ્મો 'બેલબોટમ' અને 'ચહેરે' રહસ્ય તત્ત્વ લઈને આવી છે. 'ચહેરે'માં પહેલી વાર અમિતાબ બચ્ચન સાથે ઈમરાન હાશ્મી પણ છે છતાં આ ફિલ્મ હજી કેટલા દિવસ સિનેમાગૃહમાં ટકશે એ કહી શકાય એમ નથી. આ બંને ફિલ્મોમાં દર્શકોને સિનેમાગૃહોમાં આકર્ષવામાં સફળ રહે તો બીજી ઘણી ફિલ્મો રાહ જોતી ઊભી છે. એમાં પણ 'સૂર્યવંશી' અને ૮૩' ની લોકો કોરોનાકાળ પૂર્વેથી પ્રતીક્ષા કરી રહ્યા છીએ. ૧૯૮૩માં કપિલદેવની કેપ્ટનશીપ હેઠળ ભારત ક્રિકેટમાં પ્રથમ વખત વિશ્વકપ જીત્યું હતું. એ આખી કથાને કેન્દ્રમાં રાખીને '૮૩' ફિલ્મ બની છે. રણવીરસિંહ કપિલદેવની ભૂમિકામાં છે. એટલે રણવીરસિંહ શ્રોતાઓને એની પ્રતીક્ષા હોય એ સમજી શકાય એમ છે. અક્ષયકુમારનો પોતાનો પણ એક મોટો ચાહક વર્ગ છે. એની ફિલ્મોમાં દેશદાઝ ભરપૂર હોય છે એટલે લોકોને રોમાંચ પણ મળી રહે છે. હમણાં ઓપન પ્લેટફોર્મ પર 'ભુજ' અને 'શેરશાહ' બે ફિલ્મો દેશભક્તિને કેન્દ્રમાં રાખીને આવી પણ લોકોને બંને ઍફિલ્મો બહુ પસંદ આવી હોય એવું લાગતું નથી.

સાથે એક આનંદની વાત એ પણ છે કે, અમદાવાદના સ્ક્રેપયાર્ડમાં ગયા શનિ-રવિ દરમિયાન નાટકોની ભજવણી થઈ ! ધીમે ધીમે નાટ્યગૃહોનો ધમધમાટ પણ શરૂ થવો જોઈએ. ફિલ્મોં ઓપન પ્લેટફોર્મ પર જોવા મળશે પણ નાટકો? ફરી, મુદ્દો એ તો છે જ કે ઘરબેઠા મનોરંજનની ટેવાયેલી પ્રજા સિનેમાગૃહ તરફ પોતાનાં પગલાં ઉપાડશે કે કેમ?

રિસાયેલું સ્વજન પાલવશે, પણ બદલાયેલું તો નહીં જ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

(ગતાંકથી ચાલુ-૩)

શ્રીકૃષ્ણ અને રાધાજી વિષેની અનેક દંતકથાઓ છે જેમાંની એક કથા બહુ રસપ્રદ છે. વ્રજમાં બરસાનામાં એક માનગઢ મંદિર છે જે બ્રહમગીરી પર્વત ઉપર આવેલું છે, એકવાર રાધાજી આ પર્વત ઉપર શ્રીકૃષ્ણ આવવાની વાટ જોતાં હતા. શ્રીકૃષ્ણનાં આવવાનાં સમય કરતાં તેમને ખૂબ જ મોડું થઈ ગયું. રાધાજીનાં પોપટે સમાચાર આવ્યા કે શ્રીકૃષ્ણ ચંદ્રાવતી નામની ગોપી સાથે હતાં એટલે તે કદાચ વધારે મોડા આવે.

શ્રીકૃષ્ણ મોડા પડ્યા અને પોતાને ખૂબ વાટ જોવી પડે એટલે રાધાજી રિસાઈ ગયા. શ્રીકૃષ્ણ રાધાજી પાસે આવ્યા ત્યારે તેમણે રાધાજીને રિસાયેલા જોયાં. શ્રીકૃષ્ણએ રાધાજીને મનાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ રાધાજી માન્યા નહીં. રાધાજી શ્રીકૃષ્ણનાં મનાવ્યા માન્યા નહીં એટલે શ્રીકૃષ્ણ પર્વતની તળેટીમાં આવ્યા અને રાધાજીની સખીઓને વિનંતી કરી કે તેઓ પર્વત ઉપર જઈને રાધાજીને મનાવે.

શ્રીકૃષ્ણની વિનંતીથી સખીઓ પર્વત ઉપર ગઈ. રાધાજીને મનાવવા ખૂબ પ્રયત્નો કર્યા પણ રાધાજીએ પોતાનું રુસણું ન છોડયું અને સહેલીઓને પરાણે તળેટીમાં પરત મોકલી દીધી. સખીઓને પરત આવેલી જોઈને શ્રીકૃષ્ણ દુઃખી થયા અને રાધાજીને મનાવવા માટે સખીઓને ફરી પાછી પર્વત ઉપર મોકલી. શ્રીકૃષ્ણની વિનંતીથી સખીઓ ફરી પછી રાધાજીને મનાવવા ગઈ. બીજીવાર પણ રાધાજી માન્ય નહીં અને સખીઓને તળેટીમાં મોકલી દીધી. સખીઓ પરત આવી.

શ્રીકૃષ્ણએ ફરી પાછી મોકલી. રાધજીએ ફરી તળેટીમાં મોકલી. આમ શ્રીકૃષ્ણ અને રાધા દ્વારા સખીઓ નીચેથી પર્વત ઉપર અને પર્વત ઉપરથી નીચે દડાની જેમ ફાંગોળાતી રહી. આ પ્રસંગને લઈને સખીઓની માનસિક દશા કાવ્યાત્મક રીતે વર્ણવતા પુષ્ટીમાર્ગના શ્રી ગોવિંદ સ્વામી લખે છે.

આવત જાત હું હાર પરી રી
જ્યોં જ્યોં પ્યારો વિનંતી કર પાઠવત,
ત્યોં ત્યોં તું ગઢ માન ચઢી રી.
તી હારે બીચ પરે સોઈ બાબરી
હોં ચૌગન કી ગેંદ ભઈ રી
ગોવિંદ પ્રભુ કો વેગ મીલ ભામિની
સુહાગ યામિની જાત બહી રી.

એવું કહેવાય છે કે જ્યારે રાધાજી શ્રીકૃષ્ણથી રિસાતા ત્યારે રાધાજીને તો પીડા થતી, શ્રી કૃષ્ણને પણ પીડા થતી અને તેમની સાથે રાધાજીની સખીઓને પણ રાધા-કૃષ્ણ જેટલી જ પીડા થતી. આમ એક વ્યક્તિનું રિસાવું માત્ર બે વ્યક્તિને જ નહીં, પણ એ બે વ્યક્તિની આસપાસ રહેલી અન્ય વ્યક્તિઓને પણ વધારે-ઓછી પીડા આપતી હોય છે. જ્યાં સુધી રિસાયેલી વ્યકિત માની જઈને સ્વસ્થ થતી નથી, સામાન્ય માનસિક સ્થિતીમાં આવતી નથી ત્યાં સુધી આ પ્રકારનું માનસિક તાણ અને પીડા બધાને સતાવતી રહેતી હોય છે જેને કારણે વાતાવરણ પણ તંગ બની જતું હોય છે.

જે વ્યક્તિ નાનીનાની વાતમાં કે વાતવાતમાં રિસાઈ જતી હોય છે તેને પણ પોતાનાં વર્તનનું આત્મમંથન કરવાની જરૂર હોય છે. તેણે વિચારવું જોઈએ કે પોતાની જે અપેક્ષા પૂરી નથી થઈ જેને કારણસર પોતે રિસાઈ છે તે ખરેખર તેનો અધિકાર છે? વ્યક્તિને પોતાને જે જોઈએ છે એ નથી મળ્યું તેને કારણે તે રિસાઈ છે તો પણ વિચારવું જોઈએ કે પોતાને જે જોઈએ છે તેના માટે પોતે લાયક છે? રિસાયેલી વ્યક્તિએ જે સ્નેહી પાસેથી જે કંઈ અપેક્ષા રાખી હોય એ પૂરી કરવા માટે સ્નેહીજન સક્ષમ છે? વ્યક્તિ જેને લાયક જ ન હોય, જેની તેને જરૂરિયાત જ ન હોય તેની અપેક્ષા રાખે, જે અપેક્ષા પૂરી કરવા માટે સ્નેહીજન સક્ષમ જ ન હોય એવી અપેક્ષાઓ પૂરી ન થાય અને પછી રિસાઈ જાય તે જરા પણ વાજબી નથી. આમ રિસાયેલી વ્યકિતની સમજદારી પણ ખૂબ મહત્વની છે. જે પરિસ્થિતીમાં વ્યક્તિ રિસાઈ હોય છે એ જ પરિસ્થિતિમાં રિસાયેલી વ્યક્તિએ પોતાની જાતને પૂછવું જોઈએ કે "આ પરિસ્થિતીમાં શું રિસાવું જરૂરી છે?" મોટે ભાગે આ સવાલનો જવાબ 'નાહ્ય માં જ આવશે.

વાતવાતમાં રિસાઈ જઈને, વારંવાર રિસાઈ જઈને આપણે પોતે જ પીડાને વહોરી લેતા હોઈએ છીએ. હાથે કરીને પીડા વહોરીને, ઉદાસ થઈને જીંદગીનો કિંમતી સમય વેડફવાને બદલે જે મળે છે તેની જયાફત ઉડાવીએ, નથી મળતું તેનો શોક ન કરીએ અને જીવનને માણતા રહીએ. આવું કરીએ તો આપણે તો જીવનને માણી શકીશું સાથે સાથે આપણાં સ્નેહી-સંબંધી પણ જીવનને માણી શકશે.

આપણાં થકી આપણું કોઈ અંગતજન કે સ્નેહીજન રિસાયું હોય તો આપણી પણ એ ફરજ બનતી હોય છે કે તેને આપણે બને એટલા ઓછા સમયમાં એ સ્નેહીજનને મનાવી લઈએ. રિસાયેલી વ્યક્તિની જો આપણે સતત ઉપેક્ષા કરતાં રહીએ,"તેને તો રિસાવાની ટેવ છે" એવું માનીને તેના તરફ લક્ષ નહીં આપીએ, તેમની કોઈપણ પ્રકારની અપેક્ષા પૂરી કરવા આપણે પ્રયત્ન નહીં કરીએ તો એક સમય એવો આવશે કે એ સ્નેહીજનનો આપણાં પ્રત્યેનો અભિગમ જ બદલાઈ જશે.

એ સ્નેહીજન પણ આપણી ઉપેક્ષા કરવા લાગશે, એ પણ આપણને નફરત કરવા લાગશે અને સમય જતાં તેમની સાથેના આપણાં સંબંધોમાં નકારાત્મક બદલાવ આવી જશે. તેમની સાથેના આપણાં સંબંધો વચ્ચે કાયમી દીવાલો ઊભી થઈ જશે.

આપણાં સંબંધોમાં નક્કી આપણે કરવાનું છે કે આપણને રિસાએલુ સ્વજન ફાળવાશે કે બદલાયેલું સ્વજન? રિસાયેલા સ્વજનને તો આપણે લાખ પ્રયત્નો કરીને પણ માનવી શકીશું પણ બદલાયેલા સ્વજનને નહીં માનવી શકીએ. આપણાં સંબંધોમાં કદાચ રિસાયેલું સ્વજન પાલવશે પણ બદલાયેલું તો નહીં જ.

આ તો આનું રોજનું કામ છે

નવાં ક્લેવર
નટવર હેડાઉ

શ્રાવણ માસનો છેલ્લો સોમવાર અને જન્માષ્ટમીનો તહેવાર હોય પછી શ્રદ્ધાળુઓ ભક્તજનો ઝાલ્યા રહે ખરાં? શહેરના મંદિરોમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. મંદિરોની બહાર કારો, સ્કૂટરો અને રીક્ષાઓની ખુબ અવરજવર હતી. તો બીજી તરફ કુટુંબ સાથે દર્શન કરવા આવેલાં લોકો માટે ખાદ્ય પદાર્થો તેમને રમકડાં વેંચવાવાળા પણ પાથરણાં પાથરીને બેસી ગયા હતા.

મંદિરથી નજીકમાં જ કણજીના ઝાડ નીચે એક ઊંટલારી ઊભી હતી. તેના ઊંટને કણજીના થડ સાથે બાંધી લેવામાં આવ્યું હતું. તે છાંયે બેઠું મોં હલાવતું અને આવતા જતાં લોકોને જોતું હતું. ઊંટલારી આમ તો ખાલી હતી. તેમાં બે કોથળા પાથરેલા હતા. તેના પર સાત-આઠ વર્ષની એક છોકરી અને ત્રણ,ચાર કે પાંચ વર્ષના બીજા નાનાં નાનાં ત્રણ ભૂલકાં બેઠાં હતા. તે કેશાજી ઊંટલારીવાળાનાં બાળકો હતા. તે આમ તેમ ફરતો હતો, અને મંદિરે જતાં લોકો પાસે કરગરતો હતો. 'છોકરાંએ કાલનું કંઈ ખાધું નથી.'લારીનો ફેરો મળ્યો નથી. કંઈક મદદ કરો ભગવાન તમારું ભલું કરશે.'

આ સાંભળી કેટલાક લોકો આંખ આડા કાન કરી તેના તરફ ધ્યાન આપ્યા વિના જ આગળ વધી જતાં હતા. તો કોઈ વળી બે પાંચ રુપિયા જે હોયતે આપતા હતા.

એક સમયે આ દશા જોનારને એમ લાગે કે વાત સાચી છે, વળી દયાભાવ તો મંદિરે આવનાર શ્રદ્ધાળુઓમાં હોવાના જ. તેનો કદાચ આ લાભ ઉઠાવતો હોય તેમ શંકા પણ ઊભી થાય. પરંતુ બીજી ક્ષણે એણ પણ થાય કે કદાચ તે સાચો હોય. કારણ કે ડીઝલ, પેટ્રોલ અને ગેસના ઝડપી વાહનોથી માલસામાનની હેરફેર થતી હોય તેમાં આ ઊંટલારીમાં ફેરો કોણ કરાવે. ખરેખર સાચી વાત શું હશે? જોનારના મનમાં શંકાનો કીડો સળવળ્યા વિના ન રહે.કદાચ તે સાચો હોય અથવા એકાદ વખત ફેરો ન મળતાં મંદિર પાસે ઊભો રહી લોકોની લાગણીને વટાવી મફતમાં કંઈક પામી ગયા પછી મહેનત કરવાની તેની વૃત્તિ બદલાઈ હોય અને વગર મહેનતે ભીખ માંગવાની આ નવી સ્ટાઈલ તેણે વિકસાવી લીધી હોય. સાચું શું હશે?

આ વાતનો વિચાર આવ્યો. ત્યાં તો દૂરથી જોયું તો નજીકના ચીપ ટાઈપના શોપિંગ સેન્ટરમાંથી એક ભાઈને આવતા જોયા. તેણે પાંચ કીલો જેટલો લોટ ભરેલી થેલી તેને આપી. કેશાજીએ આભારની લાગણી સાથે ભગવાન તમને સુખી રાખે એવા આશીર્વાદ આપ્યા.

થોડે દૂર એક માં દીકરી ઊભાં હતા. તે પણ નજીક આવ્યાં. દીકરીએ તેની કારની ડેકી ખોલી તેમાંથી નાનાં બાળકોનાં કપડાંનું પોટલું કાઢ્યું અને કેશાજીને આપી દીધું. તે માતા નજીકની લારીમાંથી ડઝન ઝેટલાં કેળા લઈ આવી. તેણે બાળકોને આપ્યાં. બાળકોના ચહેરા ખીલી ઊઠ્યા. તે કેળાં ખાવા લાગ્યા. કેશાજીએ કેળાની છાલ ઊંટને ખવડાવવા માંડી. પણ તેનું ધ્યાન આવતા જતા બીજા લોકો તરફ હતું. વીલું મોં કરી હજુ તે ભૂખ્યાં છોકરાં માટે હાથ લંબાવી રહ્યો હતો. બીજા એક વૃદ્ધ દાદા થેલીમાં એકાદ કીલો લોટ લઈને તેને આપવા ગયા. ત્યારે કેશાજીએ કહ્યું, 'વડીલ થોડા રુપિયા આપો તો તેલને શાકભાજી પણ આવી જાય.' તેમણએ ખિસ્સા ફંફોળ્યા. દશની નોટ કેશાજીના હાથમાં આપી ને ચાલતા થયા.

ફરીથી કેશાજી મંદિર નજીક પહોંચી જઈને પોતાની લાચારી બતાવી હાથ લંબાવતાં મીનાક્ષી બહેને કહ્યું, હમણાં પેલા લોટ અને પૈસા આપ્યા તે ક્યાં ગયા. તે તુરંત ઊંટ લારી પાસે ગયા.જોયું તો કોઠળા નીચે પાંચ, દસ, પચાસની આઠ દસ નોટો અને લોટની થેલીઓને પણ સંતાડેલી હતી.

'આ શું છે?' મીનાક્ષી બહેને પ્રશ્ન કર્યો. કેશાજી ચૂપચાપ તેમની સામે ઊભો રહ્યો, ત્યારે નજીકમાં ફુગ્ગા વેચવાવાળો બોલ્યો, 'આ તો આનું રોજનું કામ છે.'

વાંસળીને હોઠથી હટાવો તો આવું

મનના ઉમંગો
રણછોડ પરમાર

પોણાભાગનો શ્રાવણ માસ વીતી ગયો છે. શિવાલયોમાં થતા ઘંટારવથી કાન ટેવાઈ ગયા છે. ઉપવાસીઓને હવે ઉપવાસ દરમ્યાન પહેલાં જેવી ભૂખ લાગતે નથી. તેમની હોજરીઓ ભૂખ સહન કરવા સક્ષમ બની ગઈ છે. દાઢી વધારનારાઓના ચહેરા સાવ પલટાઈ ગયા છે. સાધુ સંતો ઘેર ઘેર ફરીને દાનવીર ગૃહસ્થોને પુણ્ય કમાવાની તકા આપતા રહ્યા છે. ફૂલ અને બિલીના પાન વેચનારાને દર વરસ જેટલી કમાણી અત્યાર સુધીમાં થઈ ગઈ છે. હવે જે થાય તે ચોખ્ખો નફો થશે. આ બધો કોરોનાનો પ્રતાપ છે. મોટા મંદિરો અને ફરવાના સ્થળોએ લોકો ગાંદા થઈને ઊમટી રહી છે. છાપામાં આવા ભીડભર્યા ફોટા જોઈને મનમાં ફડક પેસે છે કે આમને આમ કોરોના પાછો તો નહીં આવે ને ? સરકાર બેચાર દિવસે રસીના કેટલા ડોઝ મૂકાયા તેના આંકડા જાહેર કરતી રહે છે. મોટેભાગે જન જીવન થાળે પડતું હોય એવું લાગે છે. હજી હમણાં જ જન્માષ્ટમી ગઈ. ભારે ઉત્સાહપૂર્વક કૃષ્ણ જન્મોત્સવ મનાવાયો. અત્યારે પણ કાનમાં " હાથી ઘોડા પાલખી જય કનૈલાલકી" ના નાદ ગુંજી રહ્યા છે.

"દિવસો જુદાઈના જાય છે, લઈ જશે મને મિલન સુધી" જેવી પ્રખ્યાત ગઝલ લખનાર શ્રી ગની દહીવાળાએ ઘણાં બધાં સુંદર ગીતો પણ લખ્યાં છે. તેમની ગઝલોમાં તો અસંખ્ય વાર વાંસળી, મટુકી, ગોપી, કહાન વગેરે આવતાં રહે છે અરે એક તો આખુ કૃષ્ણગીત લખ્યું છે. કેટલું સુંદર લખ્યું છે તે તો વાંચીને જ સમજી જશો. ગીતનું શિર્ષક છે 'તો આવું.'' કૃષ્ણ ગોપીને તેમની પાસે બોલાવી રહ્યા છે. પણ નટખટ ગોપી એમ તમે બોલાવો ને તરત થોડી આવી જાય? એ તો કૃષ્ણ સામે કેટલીક શરતો મૂકે છે.જો કે આ ગોપીની શરતો સુરેશ દલાલની (મારી ગાગર ઉતારો તો હું જાણું કે કહાન તમે ઊંચક્યોલ્લતો પહાડને) ગોપી જેવી આકરી નથી.ગનીભાઈની ગોપીની શરતો થોડી મૃદુ છે, નાજુક છે, કોમળ છે.ખરેખર તો એ પોતાની મૂંઝવણ રજૂ કરે છે. તે પછી આવવા તૈયાર થાય છે. કેવી છે પ્રેમઘેલી નારીની વાતો, તે સાંભળો.

મહીથી ભરેલ કા'ન, મારી મટુકીને
હાથ ન લગાવો તો આવું,
સાન-ભાન સંહરતી વેરણ આ વાંસળીને
હોઠથી હટાવો તો આવું.
કાંકરી ઉપાડો તો કર જોડી કરગરુ
**ઓરા ઓરા આ